**<u>ફોજદારી ઈન્કવાયરી નં.૧૪૬/૨૦૦૦</u>**

**<u>આંક–૧ હેઠળ હુકમ :–</u>**

**ફરીયાદીની ફરીયાદ વંચાણે લીધી. રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદ ઘણા લાંબા સમય પહેલા કરેલ છે અને ફરીયાદી કે તેના વિ.વ.શ્રી પણ ઘણા લાંબા સમયથી કોર્ટમા હાજર રહેતા નથી અને ઘણાં સમયથી ઈન્કવાયરી આગળ ચલાવવા કે તે અંગે કોઈ ખુલાસો કરવા કે કોઈ રજુઆત કરવા હાજર રહેતા નથી. આમ, ઘણા લાંબા સમયથી આ ઈન્કવાયરી અત્રેની અદાલત સમક્ષ પડતર રહેલ છે અને આવા કેસો મોટી સંખ્યામા અદાલતમાં પડી રહેવાના કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈએ તેથી અદાલતની કાર્યવાહીમાં ન્યાય વિલંબીત બને છે.**

**ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ અપીલ નં.૨૪૦૫/૨૦૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા.૧૮/૧/૨૦૧૦ ના ચુકાદામાં નામ. ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે, જો ફરિયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડિફોલ્ટ કરવા સંબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે.**

**આ કામે પણ આગળ ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ ફરિયાદ દાખલ કર્યા બાદ ફરીયાદની ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવા સંબંધે કોઈ જ નોંધપાત્ર કાર્યવાહી હાથ ધરેલ નથી જે જોતા ફરીયાદીને હાલની ઈન્કવાયરી ચલાવવામાં કોઈ રસ હોય તેવુ જણાતું નથી તેવા સંજોગોમાં હાલની ઈન્કવાયરી સંબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચિત જણાય છે.**

**<u>–: હુ ક મ :–</u>**

**ફરિયાદીની ઈન્કવાયરી ફરીયાદીની ગેરહાજરીમાં કાઢી નાંખવાનો હુકમ કરવામાં આવે છે.**

**હુકમ આજરોજ તા.૨૨/૪/૨૦૧૮ ના રોજ સ્પેશયલ સીટીંગ દરમ્યાન વાંચી જાહેર કર્યો.**

**રાજકોટ**
**તા.૨૨/૦૪ /૨૦૧૮**

**(એમ.એસ.સુતરીયા)**
**પાંચમાં અધિક ચીફ જયુડી.મેજિસ્ટ્રેટ,**
**રાજકોટ**
UNIQ I.D.No.GJ00846